ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૬-૦૪-૨૦૨૪**

- **દેવિપૂજક સમાજના આગેવાનો વિધીવત રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાયા.**

ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં વિધિવત રીતે જોડાઈ રહેલા સામાજિક આગેવાનો અને કાર્યકરોને આવકારતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષની વિચારધારા સૌને સાથે લઈને ચાલવામાં માનનારી છે. ભાજપની જનવિરોધી નીતિના કારણે સમાજના તમામ વર્ગો હેરાન-પરેશાન છે. દેશમાં આર્થિક અસમાનતા વધી રહી છે. ગરીબ અતિ ગરીબ થતો જાય છે. ધનિક વધુ ધનિક થતા જાય છે. ભાજપ સરકારની નિતિ ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગને નુકસાન કરનાર છે. ભાજપના શાસનમાં મોંઘવારી-બેરોજગારી સતત વધી રહી છે. રાજ્યમાં અવારનવાર બ્રીજ-પુલ તુટવાની ઘટનાઓ બને છે, પરંતુ ક્યાંય કમલમ કાર્યાલય તુટ્યું હોય તેમ જણાતું નથી. કોંગ્રેસની વિચારધારાએ દેશની આઝાદી માટે લડત લડી છે. ખેડૂત-ખેતીને બચાવવામાં દેશ હિતમાં કામ કરવાની જરૂર છે. ભાજપ સરકારની જનવિરોધી નિતિને લીધે સમગ્ર દેશવાસીઓ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાં છે. ગરીબ-સામાન્ય અને મધ્યમવર્ગને જીવન જીવવુ મુશ્કેલ બનાવી દીધું છે. ભાજપ શાસનમાં શિક્ષણ, આરોગ્ય સહિતની સેવાઓ સતત મોંઘી થતી જાય છે. યુવાનોને રોજગારી નથી, ખેડૂતો માટે યુરિયા ખાતર નથી, શિક્ષણ ખૂબ મોંઘુ થયું છે, મોંઘવારી આસમાને છે, દરેક જગ્યાએ ભયમુક્ત ભ્રષ્ટાચાર છે, માટે ગુજરાતના હિતમાં સત્તા પરિવર્તન જરૂરી છે. કોંગ્રેસ પક્ષ સકારાત્મક એજન્ડા સાથે આગળ વધી રહી છે. ભાજપ, આમ આદમી પાર્ટી સહિતના પક્ષોમાંથી અનેક મોટા નેતાઓ તથા કાર્યકર્તાઓ, રાજકીય અને બિનરાજકીય આગેવાનો અને કાર્યકર્તાઓ અવિરત રીતે કોંગ્રેસ સાથે જોડાઈ રહ્યા છે, તેઓને આવકારીએ છીએ.

દેવીપૂજક સમાજના આગેવાનો સર્વશ્રી દિનેશભાઈ (વિરમગામ), આર.સી. સોલંકી (વિરપુર), અમિતભાઈ એ. દંતાણીયા, આર.એલ. વિરમગામીયા, વિનોદભાઈ (સુરેન્દ્રનગર), અનિલભાઈ બાકરોલીયા (વિરમગામ), જગદિશભાઈ બાકરોલીયા (વિરમગામ), સુરેશભાઈ દંતાણી (વિરમગામ), રાજ સજેરાજ, પ્રકાશભાઈ ગોરાસ્વા (વિછીયા), પ્રવિણ જખવાડીયા (અમદાવાદ), અલ્પેશભાઈ રુઘભાઈ (વિરમગામ), નરેશભાઈ ચુંડાભાઈ રાવળ (સાબરકાંઠા) દોલતભાઈ કાવેરીયા જોડાયા હતા.

પૂર્વધારાસભ્ય અને હાથ સે હાથ જોડોના કન્વીનર શ્રી ઈન્દ્રનીલ રાજગુરુ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ જી.એમ. ડામોર, શ્રી હરેશભાઈ કોઠારી સહિતના મોટી સંખ્યામાં કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

(હિરેન બેન્કર)
પ્રવકતા
૯૭૨૩૫૫૦૩૫૫